## એકાગ્રતા ની શક્તિ થી દૃઢતા દ્વારા સહજ સફળતા ની પ્રાપ્તિ

આજે બ્રાહ્મણ સંસાર નાં રચયિતા પોતાનાં ચારેય તરફ નાં બ્રાહ્મણ પરિવાર ને જોઈ હર્ષિત થઈ રહ્યાં છે. આ નાનો-એવો ન્યારો અને અતિ પ્યારો અલૌકિક બ્રાહ્મણ સંસાર છે. આખાં ડ્રામા માં અતિ શ્રેષ્ઠ સંસાર છે કારણ કે બ્રાહ્મણ સંસારની દરેક ગતિ-વિધિ ન્યારી અને વિશેષ છે. આ બ્રાહ્મણ સંસારમાં બ્રાહ્મણ આત્માઓ પણ વિશ્વ માંથી વિશેષ આત્માઓ છે એટલે જ એ વિશેષ આત્માઓ નો સંસાર છે. દરેક બ્રાહ્મણ આત્માની શ્રેષ્ઠ વૃત્તિ, શ્રેષ્ઠ દૃષ્ટિ અને શ્રેષ્ઠ કૃતિ વિશ્વનાં સર્વ આત્માઓ માટે શ્રેષ્ઠ બનાવવાને નિમિત્ત છે. દરેક આત્મા ઉપર આ વિશેષ જવાબદારી છે તો દરેક પોતાની આ જવાબદારીને અનુભવ કરો છો? કેટલી મોટી જવાબદારી છે! આખાં વિશ્વનું પરિવર્તન! ન ફક્ત આત્માઓ નું પરિવર્તન કરો છો પરંતુ પ્રકૃતિ નું પણ પરિવર્તન કરો છો. આ સ્મૃતિ સદા રહે એમાં નંબરવાર છે. સર્વ બ્રાહ્મણ આત્માઓની અંદર સંકલ્પ સદા રહે છે કે અમે વિશેષ આત્મા નંબરવન બનીએ પરંતુ સંકલ્પ અને કર્મમાં અંતર પડી જાય છે. આનું કારણ? કર્મ નાં સમયે સદા પોતાની સ્મૃતિ ને અનુભવી સ્થિતિ માં નથી લાવતા. સાંભળવું, જાણવું, આ બંને યાદ રહે છે પરંતુ સ્વયં ને એ સ્થિતિમાં માનીને ચાલવું, આમાં મેજોરીટી (અધિકાંશ) ક્યારેક અનુભવી અને ક્યારેક ફક્ત માનવા અને જાણવા વાળા બની જાય છે. આ અનુભવને વધારવા માટે બે વાતોનાં વિશેષ મહત્વ ને જાણો. એક સ્વયં નાં મહત્વ ને, બીજું સમય નાં મહત્વ ને. સ્વયં નાં પ્રત્યે ખૂબ જાણો છો. જો કોઈને પણ પૂછશે કે તમે કયા આત્મા છો? અથવા પોતાને પણ પૂછશો કે હું કોણ? તો કેટલી વાતો સ્મૃતિમાં આવશે? એક મિનિટની અંદર પોતાનાં કેટલાં સ્વમાન યાદ આવી જાય છે? એક મિનિટમાં કેટલાં યાદ આવે છે? ઘણાં યાદ આવે છે ને. કેટલી લાંબી યાદી છે સ્વયં નાં મહત્વની! તો જાણવામાં તો ખૂબ હોશિયાર છો. બધાં હોશિયાર છો ને? પછી અનુભવ કરવામાં અંતર કેમ પડી જાય છે? કારણ કે સમય પર એ સ્થિતિ ની સીટ પર સેટ નથી થતાં. જો સીટ પર સેટ છો તો કોઈપણ, ભલે કમજોર સંસ્કાર, કે કોઈ આત્માઓ, તથા પ્રકૃતિ, અથવા કોઈ પણ પ્રકારની રોયલ માયા અપસેટ (અસ્વસ્થ) ન કરી શકે. જેવી રીતે શરીર નાં રુપમાં પણ ઘણાં આત્માઓને એક સીટ પર અથવા સ્થાન પર એકાગ્ર થઈને બેસવાનો અભ્યાસ નથી હોતો તો તે શું કરશે? હલતા રહેશે ને. એવી રીતે મન અને બુદ્ધિને કોઈ પણ અનુભવની સીટ પર સેટ થતાં નથી આવડતું તો હમણાં-હમણાં સેટ થશે, હમણાં-હમણાં અપસેટ. શરીર ને બેસાડવા માટે સ્થૂળ સ્થાન હોય છે અને મન-બુદ્ધિને બેસાડવા માટે શ્રેષ્ઠ સ્થિતિઓ નું સ્થાન છે. તો બાપદાદા બાળકોનો આ ખેલ જોતા રહે છે હમણાં-હમણાં સારી સ્થિતિનાં અનુભવમાં સ્થિત થાય છે અને હમણાં-હમણાં પોતાની સ્થિતિ થી હલચલમાં આવી જાય છે. જેવી રીતે નાનાં બાળકો ચંચળ હોય છે તો એક સ્થાન પર વધારે સમય ટકી નથી શકતાં. તો ઘણાં બાળકો આ બાળપણનો ખેલ ખૂબ કરે છે. હમણાં-હમણાં જોશો ખૂબ એકાગ્ર અને હમણાં-હમણાં એકાગ્રતા ને બદલે ભિન્ન-ભિન્ન સ્થિતિઓમાં ભટકતા રહેશે. તો આ સમયે વિશેષ અટેન્શન (ધ્યાન) જોઈએ મન અને બુદ્ધિ સદા એકાગ્ર રહે.

એકાગ્રતાની શક્તિ સહજ નિર્વિઘ્ન બનાવી દે છે. મહેનત કરવાની આવશ્યકતા જ નથી. એકાગ્રતાની શક્તિ સ્વતઃ 'એક બાપ બીજું ન કોઈ' આ અનુભૂતિ સદા કરાવે છે. એકાગ્રતાની શક્તિ સહજ એકરસ સ્થિતિ બનાવે છે. એકાગ્રતાની શક્તિ સદા સર્વ પ્રતિ એક જ કલ્યાણ ની વૃતિ સહજ બનાવે છે. એકાગ્રતા ની શક્તિ સર્વ પ્રતિ ભાઈ-ભાઈ ની દૃષ્ટિ સ્વતઃ બનાવી દે છે. એકાગ્રતાની શક્તિ દરેક આત્મા નાં સંબંધ માં સ્નેહ, સન્માન, સ્વમાન નાં કર્મ સહજ અનુભવ કરાવે છે. તો હવે શું કરવાનું છે? શું ધ્યાન આપવાનું છે? 'એકાગ્રતા'. સ્થિત થાવ છો, અનુભવ પણ કરો છો પરંતુ એકાગ્ર અનુભવી નથી થતાં. ક્યારેક શ્રેષ્ઠ અનુભવ માં, ક્યારેક મધ્યમ, ક્યારેક સાધારણ, ત્રણેયમાં ચક્ર લગાવતા રહો છો. એટલાં સમર્થ બનો જે મન-બુદ્ધિ સદા તમારા ઓર્ડર (હુકમ) અનુસાર ચાલે. સપના માં પણ સેકન્ડ માત્ર પણ હલચલ માં ન આવે. મન, માલિક ને પરવશ ન બનાવે.

પરવશ આત્માની નિશાની છે - એ આત્માને એટલો સમય સુખ, ચેન, આનંદની અનુભૂતિ ઈચ્છવા છતાં પણ નહીં થાય. બ્રાહ્મણ આત્મા ક્યારેય કોઈનાં પરવશ ન થઈ શકે, પોતાનાં કમજોર સ્વભાવ અને સંસ્કાર નાં વશ

પણ નહીં. હકીકતમાં 'સ્વભાવ' શબ્દનો અર્થ છે 'સ્વ નો ભાવ'. સ્વ નો ભાવ તો સારો હોય છે, ખરાબ નથી હોતો. 'સ્વ' કહેવાથી શું યાદ આવે છે? આત્મિક સ્વરુપ યાદ આવે છે ને. તો સ્વ-ભાવ અર્થાત્ સ્વ પ્રતિ તથા સર્વ પ્રતિ આત્મિક ભાવ હોય. જ્યારે પણ કમજોરી વશ વિચારો છો કે મારો સ્વભાવ અથવા મારા સંસ્કાર જ એવાં છે, શું કરું, છે જ એવાં.... આ કયો આત્મા બોલે છે? આ શબ્દ તથા સંકલ્પ પરવશ આત્મા નાં છે. તો જ્યારે પણ આ સંકલ્પ આવે કે સ્વભાવ એવો છે, તો શ્રેષ્ઠ અર્થમાં ટકી જાઓ.

સંસ્કાર સામે આવે કે મારા સંસ્કાર...., તો વિચારો શું મુજ વિશેષ આત્મા નાં આ સંસ્કાર છે, જેને મારા સંસ્કાર કહી રહ્યાં છો? મારા કહો છો તો કમજોર સંસ્કાર પણ મારાપણા નાં કારણે છોડતા નથી કારણ કે આ નિયમ છે જ્યાં મારા પણું હોય છે ત્યાં પોતાનાં પણું હોય છે અને જ્યાં પોતાનાં પણું હોય છે ત્યાં અધિકાર હોય છે. તો કમજોર સંસ્કારને મારા બનાવી લીધા તો તે પોતાનો અધિકાર છોડતા નથી એટલે પરવશ થઈને બાપની આગળ અરજી નાખતા રહો છો કે છોડાવો-છોડાવો. 'સંસ્કાર' શબ્દ કહેતા યાદ કરો કે અનાદિ સંસ્કાર, આદિ સંસ્કાર જ મારા સંસ્કાર છે. આ માયા નાં સંસ્કાર છે, મારા નથી. તો એકાગ્રતાની શક્તિ થી પરવશ સ્થિતિ ને પરિવર્તન કરી માલિકપણાની સ્થિતિ ની સીટ પર સેટ થઈ જાઓ.

યોગ માં પણ બેસો છો, બેસો તો બધાં રુચિ થી છો પરંતુ જેટલો સમય, જે સ્થિતિ માં સ્થિત થવા ઈચ્છો છો, એટલો સમય એકાગ્ર સ્થિતિ રહે, એની આવશ્યકતા છે. તો શું કરવાનું છે? કઈ વાત ને અન્ડરલાઇન કરશો (ખાસ ધ્યાન આપશો)? (એકાગ્રતા) એકાગ્રતામાં જ દૃઢતા હોય છે અને જ્યાં દૃઢતા છે ત્યાં સફળતા ગળાનો હાર છે. અચ્છા!

ચારેય તરફ નાં અલૌકિક બ્રાહ્મણ સંસાર નાં વિશેષ આત્માઓ ને, સદા શ્રેષ્ઠ સ્થિતિ નાં અનુભવની સીટ પર સેટ રહેવાવાળા આત્માઓને, સદા સ્વયં નાં મહત્વ નો અનુભવ કરવાવાળા, સદા એકાગ્રતાની શક્તિ થી મન-બુદ્ધિ ને એકાગ્ર કરવાવાળા, સદા એકાગ્રતા ની શક્તિથી જ દૃઢતા દ્વારા સહજ સફળતા પ્રાપ્ત કરવાવાળા સર્વશ્રેષ્ઠ, સર્વ વિશેષ, સર્વ સ્નેહી આત્માઓને બાપદાદા નાં યાદ-પ્યાર અને નમસ્તે.

અવ્યક્ત બાપદાદા ની પર્સનલ (વ્યક્તિગત) મુલાકાત

ઉડતી કળા માં જવા માટે ડબલ લાઈટ બનો, કોઈ પણ આકર્ષણ આકર્ષિત ન કરે

બધાં પોતાને વર્તમાન સમય પ્રમાણે તીવ્ર ગતિથી ઉડવા વાળા અનુભવ કરો છો? સમયની ગતિ તીવ્ર છે કે આત્માઓનાં પુરુષાર્થની ગતિ તીવ્ર છે? સમય તમારી પાછળ-પાછળ છે કે તમે સમય પ્રમાણે ચાલી રહ્યાં છો? સમય ની પ્રતિક્ષા માં તો નથી ને કે અંતમાં બધુ ઠીક થઈ જશે. સંપૂર્ણ થઈ જશું, બાપ સમાન થઈ જશું? એવું તો નથી ને! કારણ કે ડ્રામા નાં હિસાબ થી વર્તમાન સમય ખૂબ તીવ્ર ગતિથી જઈ રહ્યો છે, અતિમાં જઈ રહ્યો છે. જે કાલે હતું એનાંથી આજે વધારે અતિમાં જઈ રહ્યું છે. આ તો જાણો છો ને? જેવી રીતે સમય અતિમાં જઈ રહ્યો છે, એવી રીતે આપ શ્રેષ્ઠ આત્માઓ પણ પુરુષાર્થમાં અતિ તીવ્ર અર્થાત્ ફાસ્ટ ગતિ થી જઈ રહ્યાં છો? કે ક્યારેક ઢીલા, ક્યારેક તેજ? એવું નહીં કે નીચે આવીને પછી ઉપર જાઓ. નીચે-ઉપર થવા વાળા ની ગતિ ક્યારેય એકરસ ફાસ્ટ નથી થઈ શકતી. તો સદા સર્વ વાતોમાં શ્રેષ્ઠ તથા તીવ્ર ગતિથી ઉડવા વાળા છો. એવું ગાયન છે 'ચઢતી કળા સર્વનું ભલું' પરંતુ હવે શું કહેશો? 'ઉડતી કળા, સર્વનું ભલું'. હવે ચઢતી કળાનો સમય પણ સમાપ્ત થયો, હમણાં ઉડતી કળા નો સમય છે. તો ઉડતી કળા નાં સમયે કોઈ ચઢતી કળાથી પહોંચવા ઈચ્છે તો પહોંચી શકશે? નહીં. તો સદા ઉડતી કળા હોય. ઉડતી કળા ની નિશાની છે સદા ડબલ લાઈટ. ડબલ લાઈટ નથી તો ઉડતી કળા થઈ નથી શકતી. થોડો પણ બોજ નીચે લઈ આવે છે. જેમ પ્લેનમાં જાય છે, ઉડે છે તો જો મશીનરીમાં કે પેટ્રોલમાં જરા પણ કચરો આવી ગયો તો શું હાલત થાય છે? ઉડતી કળા થી ઉતરતી કળામાં આવી જાય છે. તો અહીં પણ જો કોઈ પણ પ્રકારનો બોજ છે, ભલે પોતાનાં સંસ્કારોનો, કે વાયુમંડળનો, તથા કોઈ આત્મા નાં સંબંધ-સંપર્ક નો, કોઈ પણ બોજ છે તો ઉડતી કળા થી હલચલમાં આવી જાવ છો. કહેશે આમ તો હું ઠીક છું પરંતુ આ કારણ છે ને એટલે આ સંસ્કારનું, વ્યક્તિનું, વાયુમંડળનું બંધન છે. પરંતુ કારણ કેવું પણ હોય, શું પણ હોય, તીવ્ર પુરુષાર્થી બધી વાતોને એમ ક્રોસ (પાસ) કરે છે જેમકે કાંઈ છે જ નહીં, મહેનત નહીં મનોરંજન અનુભવ કરશે. તો એવી સ્થિતિને કહેવાય છે ઉડતી કળા. તો ઉડતી કળા છે કે ક્યારેક-ક્યારેક નીચે

આવવાનું, ચક્કર લગાવવાનું મન થઈ જાય છે. ક્યાંય પણ લગાવ ન હોય. જરા પણ કોઈ આકર્ષણ આકર્ષિત ન કરે. રોકેટ પણ ત્યારે ઉડી શકે છે, જ્યારે ધરતી ના આકર્ષણ થી પરે થઈ જાય. નહીં તો ઉપર ઉડી ન શકે. નહીં ઈચ્છવા છતાં પણ નીચે આવી જશે. તો કોઈ પણ આકર્ષણ ઉપર નથી લઈ જઈ શકતું. સંપૂર્ણ બનવા નહીં દે. તો ચેક કરો સંકલ્પમાં પણ કોઈ આકર્ષણ આકર્ષિત ન કરે. સિવાય બાપ નાં બીજું કોઈ આકર્ષણ ન હોય. પાંડવ શું સમજો છો? એવાં તીવ્ર પુરુષાર્થી બનો. બનવાનું તો છે જ ને. કેટલી વાર એવા બન્યાં છો? અનેકવાર બન્યાં છો. તમે જ બન્યાં છો કે બીજા બન્યાં છે? તમે જ બન્યાં છો. તો નંબરવારમાં તો નથી આવવું ને, નંબરવનમાં આવવાનું છે. માતાઓ શું કરશે? નંબરવન કે નંબરવાર પણ ચાલશે? ૧૦૮ નંબર પણ ચાલશે? ૧૦૮ નંબર બનશો કે પહેલો નંબર બનશો? જો બાપ નાં બન્યાં છો, અધિકારી બન્યાં છો તો પૂરો વારસો લેવાનો છે કે થોડો ઓછો? પછી તો નંબરવન બનશો ને. દાતા ફુલ (પૂરેપૂરું) આપી રહ્યાં છે અને લેવાવાળા ઓછું લે તો શું કહેવાય? એટલે નંબરવન બનવાનું છે. નંબરવન ભલે એક જ હોય પરંતુ નંબરવન ડિવિઝન (વિભાગ) તો ઘણાં છે ને. તો સેકન્ડમાં (બીજાનંબર માં) નથી આવવાનું. લેવું છે તો પૂરું લેવાનું છે. અધૂરુ લેવાવાળા તો પાછળ-પાછળ ઘણાં આવશે. પરંતુ તમારે પૂરું લેવાનું છે. બધાં પૂરું લેવા વાળા છો કે થોડામાં રાજી થવા વાળા છો? જ્યારે ખુલ્લો ભંડાર છે અને અખૂટ છે તો ઓછું કેમ લો? બેહદ છે ને, હદ છે કે ૮ હજાર આને મળવાનાં છે, ૧૦ હજાર આને મળવાનાં છે તો કહેશે ભાગ્યમાં આટલું જ છે, પરંતુ બાપનો ખુલ્લો ભંડાર છે, અખૂટ છે જેટલું લેવા ઈચ્છો લઈ શકો છો છતાં પણ અખૂટ છે. અખૂટ ખજાના નાં માલિક છો. બાળક સો માલિક છો. તો બધાં સદા ખુશ રહેવાવાળા છો ને કે થોડી-થોડી ક્યારેક દુઃખ ની લહેર આવે છે? દુઃખની લહેર સપના માં પણ ન આવી શકે. સંકલ્પ તો છોડો પરંતુ સપના માં પણ નથી આવી શકતી. આને કહેવાય છે નંબરવન. તો શું કમાલ કરીને દેખાડશો? બધાં નંબરવન આવીને દેખાડશો ને.

આમ પણ દિલ્હી ને દિલ કહે છે. તો જેવું દિલ હશે તેવું શરીર ચાલશે. આધાર તો દિલ હોય છે ને. દિલ છે દિલરામનું દિલ. તો દિલની ગાદી યથાર્થ જોઈએ ને, નીચે-ઉપર નહીં જોઈએ. તો નશો છે ને કે અમે દિલારામ નું દિલ છીએ. તો હવે પોતાનાં શ્રેષ્ઠ સંકલ્પો થી સ્વયંને ને અને વિશ્વને પરિવર્તન કરો. સંકલ્પ કર્યો અને કર્મ થયું. એવું નહીં વિચાર્યું તો ઘણું હતું, વિચારીએ તો ખૂબ છીએ, પરંતુ થાય બહુ ઓછું છે, તેઓ તીવ્ર પુરુષાર્થી નથી. તીવ્ર પુરુષાર્થી અર્થાત્ સંકલ્પ અને કર્મ સમાન હોય ત્યારે જ બાપ સમાન કહેવાય. ખુશ છે અને સદા ખુશ રહેશે. આ પાક્કો નિશ્ચય છે ને. ખુશ રહેવા વાળા જ ખુશનસીબ છે. આ પાક્કુ છે કે થોડું-થોડું કાચ્ચુ થઈ જાય છે? કાચ્ચી વસ્તુ સારી લાગે છે? પાક્કા ને પસંદ કરાય છે તો પૂરાં જ પાક્કા રહેવાનું છે.

રોજ અમૃતવેલા આ પાઠ પાક્કો કરો કે કાંઈ પણ થઈ જાય ખુશ રહેવાનું છે, ખુશ કરવાનાં છે. સારું બીજો કોઈ ખેલ નહીં દેખાડો. આ જ ખેલ દેખાડજો, બીજા-બીજા ખેલ નહીં કરતાં. અચ્છા!

**વરદાન :-** ભાગ્ય અને ભાગ્યવિધાતા બાપ ની સ્મૃતિમાં રહી ભાગ્ય વહેંચવા વાળા ફ્રાકદિલ મહદાની ભવ

ભાગ્યવિધાતા બાપ અને ભાગ્ય બંને યાદ રહે ત્યારે બીજાને પણ ભાગ્યવાન બનાવવાનો ઉમંગ-ઉત્સાહ રહેશે. જેવી રીતે ભાગ્યવિધાતા બાપ બ્રહ્મા દ્વારા ભાગ્ય વહેંચે છે એવી રીતે તમે પણ દાતા નાં બાળકો છો, ભાગ્ય વહેંચતા ચાલો. તે લોકો કપડા વહેંચશે, અનાજ વહેંચશે, કોઈ ગિફ્ટ (ભેટ) આપશે.... પરંતુ એનાંથી કોઈ તૃપ્ત નથી થઈ શકતાં. તમે ભાગ્ય વહેંચો તો જ્યાં ભાગ્ય છે ત્યાં સર્વ પ્રાપ્તિઓ છે. એવી રીતે ભાગ્ય વહેંચવા માં ફ્રાકદિલ, શ્રેષ્ઠ મહાદાની બનો. સદા આપતાં રહો.

**સ્લોગન :-** જે એકનામી રહે છે અને એકનામી થી ચાલે છે એ જ પ્રભુ પ્રિય છે.